SANSHODHAN DARPAN
PUBLISHED BY: FACULTY OF EDUCATION, KSV
ISSN – XXXX XXXX
Annual Online Journal

# માતૃભાષા પ્રત્યેના વલણનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

**ડૉ. અજય રાવલ[1]અને ડૉ. હરિકૃષ્ણ એ. પટેલ[2]**

**સંશોધન સારાંશ**

માતૃભાષા એ કોઈપણ સમાજની અસ્મિતાનો પાયો છે. માતૃભાષાના જતન, સંરક્ષણ તેમજ સંવર્ધન માટે સમાજની પ્રત્યેક વ્યક્તિએ સભાન થવાની જરૂરિયાત છે. માતૃભાષામાં કોઈપણ વ્યક્તિ પોતાના વિચારોની સ્પષ્ટ રજૂઆત કરી શકે છે. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ એ માતૃભાષા પ્રત્યે લોકોનું વલણ જાણવાનો હતો. આ માટે સંશોધક રચિત ત્રિબિંદુ અને ૧૮ વિધાનોનો માપદંડ બનાવવામાં આવ્યો હતો. જેના ઉપર કુલ 727 નમૂનાના પાત્રોએ ગૂગલ ફોર્મની મદદથી ઓનલાઇન પ્રતિચાર આપ્યો હતો.'સર્વેક્ષણ' પદ્ધતિની મદદથી માહિતી એકઠી કરીને માહિતી વિશ્લેષણ કરવા માટે ટકાવારી, ટી–કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મોટાભાગના લોકોનું માતૃભાષા પ્રત્યે સ્પષ્ટ હકારાત્મક વલણ જોવા મળ્યું હતું. માતૃભાષા પ્રત્યેના વલણ પર સ્વતંત્ર ચલોની કોઈ સાર્થક અસર જોવા મળી નથી.  આ સંશોધન શાળા, વાલી, વિદ્યાર્થી, શિક્ષક તેમજ શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલ તમામ લોકોને ઉપયોગી બની રહેશે.

**ચાવીરૂપ શબ્દો: માતૃભાષા, વલણ,ગુજરાતી**

[1]આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ. એસ. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન,KSV,SVKM, ગાંધીનગર.
[2]આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ. એસ. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન,KSV,SVKM, ગાંધીનગર.

SANSHODHAN DARPAN
PUBLISHED BY: FACULTY OF EDUCATION, KSV
ISSN – XXXX XXXX
Annual Online Journal

# માતૃભાષા પ્રત્યેના વલણનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

**ડૉ. અજય રાવલ અને ડૉ. હરિકૃષ્ણ એ. પટેલ**

**પ્રસ્તાવના:**

માતૃભાષામાં પોતાના વિચારોની સ્પષ્ટ અભિવ્યક્તિ શક્ય છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ પણ માટે જ પ્રાથમિક શિક્ષણ એટલે ધોરણ–૫ સુધી અને શક્ય હોય તો ધોરણ–૮ સુધીનું શિક્ષણ માતૃભાષા/પ્રાદેશિક ભાષામાં આપવાની ભલામણ કરે છે. માતૃભાષામાં શિક્ષણ આપવાની ભલામણ અગાઉના પંચો પણ કરી ચૂક્યા છે પરંતુ તેના અમલીકરણને આપણે સૌ જોઈ શકીએ છીએ. સમાજમાં પોતાના બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રવેશ અપાવવાની એક પ્રકારની હોડ ચાલી રહી હોય તેમ અનુભવાય છે. અરે હદ તો ત્યારે થઈ જાય છે કે ગુજરાતી શબ્દને સમજાવવા અંગ્રેજી શબ્દનો સહારો લેવો પડે છે. અહીં અંગ્રેજી ભાષાનો કોઇ વિરોધ નથી તેને એક વિષય તરીકે કે ભાષા તરીકે સમજવું જ જોઈએ પણ તેનો પ્રભાવ શિક્ષણ પર અત્યંત વધી જવાથી આપણી માતૃભાષાની અવગણના ક્યારેય ચાલી શકે નહિ. આંખોના ભોગે ક્યારેય ચશ્માં ન શણગારાય! તે મુજબ માતૃભાષાના ભોગે અન્ય કોઈ ભાષાને ચલાવી ન શકાય. કરણ અને ઉપકરણ વચ્ચેનો ભેદ આપણે સમજવો જ રહ્યો. આંખો એ કરણ એટલે કે સાધન છે જ્યારે ચશ્માં એ ઉપકરણ છે. આમ, પ્રાથમિકતાના ધોરણે સૌપ્રથમ કરણની રક્ષા કરવી જોઈએ પછી ઉપકરણનો વિચાર કરવો જોઈએ. બસ તેવી જ રીતે પહેલા માતૃભાષાની ચિંતા કરવી જરૂરી છે. માત્ર શિક્ષણના ક્ષેત્રમાં જ નહિ પરંતુ સમગ્ર સમાજમાં માતૃભાષાની તમામ ક્ષેત્રમાં અવગણના જોઈ શકાય છે. આ માટે સમાજના તમામ ભાષકોએ ચિંતિત અને ચિંતનશીલ થવું જોઈએ. યથા રાજા તથા પ્રજાના ન્યાયે 'યથા ભાષકસ્તથા ભાષા' છે. માટે ભાષાને બચાવવા માટે ભાષકોએ જ વિચારવું રહ્યું. આપણી માતૃભાષા માટે અન્ય કોઈ ભાષાનો ભાષક ક્યારેય ચિંતા કરવાનો નથી, તે ચિંતા અને ચિંતન આપણે જ કરવું પડશે. આ માટે માતૃભાષાના ભાષકનું તેની માતૃભાષા પ્રત્યે કેવું વલણ છે તે જાણવાના મુખ્ય હેતુ સાથે સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

**હેતુઓ:**

(૧) માતૃભાષા પ્રત્યેનું વલણ જાણવું.

(૨) માતૃભાષા પ્રત્યેનું વલણ જાતિ, ઉંમર, રહેઠાણનો વિસ્તાર, શાળાકીય શિક્ષણનું માધ્યમ, અભ્યાસ, આર્થિક પ્રવૃત્તિના સંદર્ભેતપાસવું.

**ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત અભ્યાસની શૂન્ય ઉત્કલ્પનાઓ નીચે મુજબ છે:

$Ho_1$: સ્ત્રી અને પુરુષોએ વલણ માપદંડ પર મેળવેલ માતૃભાષા પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_2$:11–18 વર્ષની અને 19–25 વર્ષની વ્યક્તિઓએ વલણ માપદંડ પર મેળવેલ માતૃભાષા પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_3$:19–25 વર્ષની અને 25થી વધુ વર્ષની વ્યક્તિઓએ વલણ માપદંડ પર મેળવેલ માતૃભાષા પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_4$:11–18 વર્ષની અને 25થી વધુ વર્ષની વ્યક્તિઓએ વલણ માપદંડ પર મેળવેલ માતૃભાષા પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_5$: ગ્રામ્ય અને શહેરી વિસ્તારની વ્યક્તિઓએ વલણ માપદંડ પર મેળવેલ માતૃભાષા પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_6$: શિક્ષણનું માધ્યમ જેનું માતૃભાષા અને અંગ્રેજી છે તેવી વ્યક્તિઓએ વલણ માપદંડ પર મેળવેલ માતૃભાષા પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_7$:સ્નાતકથી ઓછો અને સ્નાતક–અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરેલ વ્યક્તિઓએ વલણ માપદંડ પર મેળવેલ માતૃભાષા પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_8$:અનુસ્નાતક અને સ્નાતક–અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરેલ વ્યક્તિઓએ વલણ માપદંડ

પર મેળવેલ માતૃભાષા પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોય.

$H_{09}$: અનુસ્નાતકથી વધુ અને સ્નાતકથી ઓછો અભ્યાસ કરેલ વ્યક્તિઓએ વલણ માપદંડ પર મેળવેલ માતૃભાષા પ્રત્યેના વલણાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોય.

**વ્યાપવિશ્વ અને નમૂનો**

શિક્ષણ સાથે જોડાયેલ તમામ જાગૃત નાગરિકો પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ હતા. જે પૈકી ૭૨૭ વ્યક્તિઓનો યાદચ્છિક નિદર્શન પદ્ધતિને આધારેનમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેનું ચલ અનુસાર સ્વરૂપ નીચે મુજબ હતું:

| ચલ | ચલની કક્ષા | સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| જાતિ | પુરુષ | ૩૯૪ | ૭૨૭ |
| | સ્ત્રી | ૩૩૩ | |
| ઉંમર | ૧૧ થી ૧૮ | ૬૬ | ૭૨૭ |
| | ૧૯ થી ૨૫ | ૧૯૪ | |
| | ૨૫ થી વધુ | ૪૬૭ | |
| રહેઠાણનો વિસ્તાર | ગ્રામ્ય | ૨૭૦ | ૭૨૭ |
| | શહેરી | ૪૫૭ | |
| શિક્ષણનું માધ્યમ | માતૃભાષા | ૬૯૩ | ૭૨૭ |
| | અંગ્રેજી | ૩૪ | |
| અભ્યાસ | સ્નાતકથી ઓછો | ૯૦ | ૭૨૭ |
| | સ્નાતક–અનુસ્નાતક | ૪૬૦ | |
| | અનુસ્નાતકથી વધુ | ૧૭૭ | |

**ચલ**

પ્રસ્તુત અભ્યાસના સ્વતંત્ર અને પરતંત્ર ચલ નીચે મુજબ છે:

| ચલનો પ્રકાર | ક્રમ | ચલ | ચલની કક્ષા |
|---|---|---|---|
| સ્વતંત્ર ચલ | ૧ | જાતિ | પુરુષ |
| | | | સ્ત્રી |
| | ૨ | ઉંમર | ૧૧ થી ૧૮ |
| | | | ૧૯ થી ૨૫ |
| | | | ૨૫ થી વધુ |
| | ૩ | રહેઠાણનો વિસ્તાર | ગ્રામ્ય |
| | | | શહેરી |

SANSHODHAN DARPAN
PUBLISHED BY: FACULTY OF EDUCATION, KSV
ISSN – XXXX XXXX
Annual Online Journal

| | | | |
|---|---|---|---|
| | ૪ | શિક્ષણનું માધ્યમ | માતૃભાષા |
| | | | અંગ્રેજી |
| | ૫ | અભ્યાસ | સ્નાતકથી ઓછો |
| | | | સ્નાતક–અનુસ્નાતક |
| | | | અનુસ્નાતકથી વધુ |
| પરતંત્ર ચલ | ૧ | માતૃભાષા પ્રત્યેનું વલણ<br>(માતૃભાષા પ્રત્યેના વલણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો) | |

**ઉપકરણ**

ઉપકરણની રચનાના પ્રથમ સોપાનમાં ઘટકો નક્કી કરવામાં આવ્યા હતા જેમાં માતૃભાષાનો દૈનિક વ્યવહારમાં ઉપયોગ, શિક્ષણનું માધ્યમ, માતૃભાષા પ્રત્યે ગૌરવ, માતૃભાષાનું સાહિત્યનો સમાવેશ થાય છે. આ ઘટકો આધારિત વિધાનોનું સંપાદન કરી માતૃભાષા પ્રત્યેના વલણ માપદંડનું પ્રાથમિક સ્વરૂપ બનાવવામાં આવ્યું હતું. પ્રાથમિક સ્વરૂપમાં ૧૦ વિધાનો હતા. આ પ્રાથમિક સ્વરૂપ નિષ્ણાતોને ચકાસવા માટે આપવામાં આવ્યું હતું. તેમના સૂચન બાદ અંતિમ સ્વરૂપ બનાવવામાં આવ્યું હતું. અંતિમ સ્વરૂપમાં ૧૮ વિધાનોનો સમાવેશ થયો હતો.

**માહિતી એકત્રીકરણ**

ઉપકરણની રચના બાદ તેનું ગૂગલ ફોર્મ બનાવવામાં આવ્યું હતું. આ ગૂગલ ફોર્મ વોટ્સએપ, ફેસબુક વગેરે સોશિયલ મીડિયા પર સૌને મોકલવામાં આવેલ. આ રીતે સૌએ ગૂગલ ફોર્મની મદદથી માહિતી આપેલ છે. ગૂગલ ફોર્મની મદદથી પ્રત્યેક વિધાન માટે પોતાનો પ્રતિભાવ આપવો તેમજ ચલ સંબંધિત માહિતી આપવી ફરજિયાત બની રહે તે મુજબની વ્યવસ્થા રાખવામાં આવી હતી. આમ, અંદાજે ૨૦–૨૫ મિનિટમાં ગૂગલ ફોર્મની મદદથી ઓનલાઈન માહિતી એકઠી કરવામાં આવી હતી.

**માહિતી વિશ્લેષણ**

ઉપકરણમાં હકારાત્મક અને નકારાત્મક એમ બન્ને પ્રકારના વિધાનોનો સમાવેશ થયો હતો જેનું ગુણાંકન અહીં દર્શાવેલ ગુણાંકન ચાવીની મદદથી કરવામાં આવ્યું હતું.

SANSHODHAN DARPAN
PUBLISHED BY: FACULTY OF EDUCATION, KSV
ISSN – XXXX XXXX
Annual Online Journal

**ગુણાંકન ચાવી**

| વિધાનો | સંમત | તટસ્થ | અસંમત | વિધાનક્રમાંક |
|---|---|---|---|---|
| હકારાત્મક વિધાન | ૩ | ૨ | ૧ | ૧, ૩, ૫, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૭, ૧૮ |
| નકારાત્મક વિધાન | ૧ | ૨ | ૩ | ૨,૪,૭,૯,૧૧,૧૩,૧૫ |

ગૂગલ ફોર્મની મદદથી માહિતી એકઠી કરવાને લીધે તેના બધા જ પ્રતિચારો એક્સેલની શીટમાં ઉપલબ્ધ થાય છે. તે એક્સેલની શીટ ડાઉનલોડ કરી પ્રત્યેક વિધાન માટે સંમત, તટસ્થ અને અસંમત માટેની આવૃત્તિ અને ટકાવારી શોધવામાં આવી હતી. પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ બનાવવામાં આવ્યું હતું તેમજ ઉત્કલ્પનાની ચકાસણી માટે ક્રાંતિક ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી.

પ્રત્યેક વિધાન દીઠ સંમત, તટસ્થ અને અસંમત માટેની આવૃત્તિ અને ટકાવારી સારણી ક્રમાંક: ૧ દ્વારા દર્શાવેલ છે.

**સારણી ક્રમાંક:૧**
**વલણ માપદંડના પ્રત્યેક વિધાન માટે સંમત, તટસ્થ અને અસંમત માટેની આવૃત્તિ અને ટકાવારી દર્શાવતી સારણી**

| વિધાન | સંમત | | તટસ્થ | | અસંમત | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | આવૃત્તિ | % | આવૃત્તિ | % | આવૃત્તિ | % | આવૃત્તિ | % |
| હું માતૃભાષાનો દૈનિક વ્યવહારમાં ઉપયોગ કરું છું. | 687 | 94.50 | 38 | 5.23 | 2 | 0.28 | 727 | 100 |
| હું વૉટ્સએપ, ફેસબુક વગેરે સોશિયલ મીડિયા પર માતૃભાષામાં લખવાનું પસંદ કરતો નથી. | 128 | 17.61 | 171 | 23.52 | 428 | 58.87 | 727 | 100 |
| હું માતૃભાષાના પુસ્તકો વાંચવાનું પસંદ કરું છું. | 674 | 92.71 | 43 | 5.91 | 10 | 1.38 | 727 | 100 |
| હું માતૃભાષામાં બોલવાનું સહેજ પણ પસંદ કરતો નથી. | 21 | 2.89 | 18 | 2.48 | 688 | 94.64 | 727 | 100 |
| હું માનું છું કે શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જોઈએ. | 576 | 79.23 | 119 | 16.37 | 32 | 4.40 | 727 | 100 |
| હું મારી માતૃભાષા પ્રત્યે ગૌરવ અનુભવું છું. | 705 | 96.97 | 19 | 2.61 | 3 | 0.41 | 727 | 100 |
| હું માનું છું કે જો હું માતૃભાષામાં બોલીશ તો લોકો મને આધુનિક નહિ ગણે. | 87 | 11.97 | 98 | 13.48 | 542 | 74.55 | 727 | 100 |
| હું માનું છું કે મારી માતૃભાષાના સાહિત્યનો વૈભવ અદ્ભુત અને અતુલનીય છે. | 637 | 87.62 | 72 | 9.90 | 18 | 2.48 | 727 | 100 |
| હું માનું છું કે માતૃભાષામાં શિક્ષણ એ બાળકો માટે વધુ નુક્સાનકર્તા છે. | 17 | 2.34 | 36 | 4.95 | 674 | 92.71 | 727 | 100 |

SANSHODHAN DARPAN
PUBLISHED BY: FACULTY OF EDUCATION, KSV
ISSN – XXXX XXXX
Annual Online Journal

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મને માતૃભાષાના માધ્યમમાં ભણ્યા હોવાનું/ ભણતા હોવાનું ગૌરવ છે. | 673 | 92.57 | 48 | 6.60 | 6 | 0.83 | 727 | 100 |
| હું માનું છું કે માતૃભાષાને પકડી રાખવી એ વિકાસને રુંધતી પ્રક્રિયા છે. | 85 | 11.69 | 101 | 13.89 | 541 | 74.42 | 727 | 100 |
| હું માનું છું કે માતૃભાષામાં શિક્ષણ આપવાથી બાળકોની વિષયના મુદ્દાઓની સંકલ્પના વધુ સ્પષ્ટ થાય છે. | 665 | 91.47 | 51 | 7.02 | 11 | 1.51 | 727 | 100 |
| હું માતૃભાષામાં ભણ્યો હોવાથી/ ભણતો હોવાથી લઘુતાગ્રંથિ અનુભવું છું. | 85 | 11.69 | 75 | 10.32 | 567 | 77.99 | 727 | 100 |
| હું માનું છું કે કોઈપણ સંસ્કૃતિનો ફેલાવો માતૃભાષાના સાહિત્ય દ્વારા જ થઈ શકે છે. | 596 | 81.98 | 99 | 13.62 | 32 | 4.40 | 727 | 100 |
| હું માનું છું કે બાળકોના શ્રેષ્ઠ ઉછેર અને કેળવણી માટે માતૃભાષા સહેજ પણ અનિવાર્ય નથી. | 46 | 6.33 | 64 | 8.80 | 617 | 84.87 | 727 | 100 |
| જો મને તક મળે તો ઉચ્ચ શિક્ષણમાં પણ હું શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાને જ પસંદ કરું. | 549 | 75.52 | 137 | 18.84 | 41 | 5.64 | 727 | 100 |
| હું માતૃભાષામાં ભણ્યો હોવાથી/ભણતો હોવાથી મારા વિચારોની અભિવ્યક્તિ સારી રીતે કરી શકું છું. | 662 | 91.06 | 50 | 6.88 | 15 | 2.06 | 727 | 100 |
| રાજકીય કે વહીવટી વ્યવહારોમાં માતૃભાષાના ઉપયોગની થતી ઉપેક્ષા મને દુઃખ પમાડે છે. | 442 | 60.80 | 104 | 14.31 | 181 | 24.90 | 727 | 100 |

માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ સારણી ક્રમાંક: ૨ દ્વારા દર્શાવેલ છે.


**સારણી ક્રમાંક: ૨**

**વલણ માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ**

| વર્ગ | 26-30 | 31-35 | 36-40 | 41-45 | 46-50 | 51-55 |
|---|---|---|---|---|---|---|
| આવૃત્તિ | 1 | 3 | 19 | 60 | 262 | 382 |

માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણની આલેખાત્મક રજૂઆત આલેખ ક્રમાંક:૧ દ્વારા દર્શાવેલ છે.

SANSHODHAN DARPAN
PUBLISHED BY: FACULTY OF EDUCATION, KSV
ISSN – XXXX XXXX
Annual Online Journal




આલેખ ક્રમાંક: ૧
વલણ માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ

ઉત્કલ્પનાની ચકાસણી માટે ક્રાંતિક ગુણોત્તર શોધવામાં આવ્યો હતો. પ્રત્યેક ઉત્કલ્પના દીઠ સરાસરી, પ્રમાણિત વિચલન, પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોત્તર સારણી ક્રમાંક: ૩ દ્વારા દર્શાવવામાં આવ્યો છે.

**સારણી ક્રમાંક: ૩**
**ઉત્કલ્પના ચકાસણી**

| ઉત્કલ્પના | ચલનીકક્ષા | સંખ્યા | સરાસરી | પ્રમાણિતવિચલન | પ્રમાણભૂલ | ક્રાંતિકગુણોત્તર | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| $Ho_1$ | પુરુષ | 394 | 50.67 | 3.33 | 7.49 | 0.225 | NS |
| | સ્ત્રી | 333 | 48.982 | 4.01 | | | |

SANSHODHAN DARPAN
PUBLISHED BY: FACULTY OF EDUCATION, KSV
ISSN – XXXX XXXX
Annual Online Journal

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| $Ho_2$ | 11-18 | 66 | 47.879 | 4.20 | 3.95 | 0.078 | NS |
| | 19-25 | 194 | 48.186 | 4.0459 | | | |
| $Ho_3$ | 19-25 | 194 | 48.186 | 4.0459 | 7.67 | 0.353 | NS |
| | >25 | 467 | 50.893 | 3.1523 | | | |
| $Ho_4$ | >25 | 467 | 50.893 | 3.1523 | 7.12 | 0.423 | NS |
| | 11-18 | 66 | 47.879 | 4.2081 | | | |
| $Ho_5$ | ગ્રામ્ય | 270 | 49.293 | 3.7733 | 7.23 | 0.133 | NS |
| | શહેરી | 457 | 50.254 | 3.7035 | | | |
| $Ho_6$ | માતૃભાષા | 693 | 50.105 | 3.5513 | 7.50 | 0.594 | NS |
| | અંગ્રેજી | 34 | 45.647 | 5.1339 | | | |
| $Ho_7$ | સ્નાતકથીઓછો | 90 | 49.456 | 4.1763 | 6.08 | 0.032 | NS |
| | સ્નાતક-અનુસ્નાતક | 460 | 49.652 | 3.8001 | | | |
| $Ho_8$ | સ્નાતક-અનુસ્નાતક | 460 | 49.652 | 3.8001 | 6.96 | 0.159 | NS |
| | અનુસ્નાતકથીવધુ | 177 | 50.757 | 3.2723 | | | |
| $Ho_9$ | અનુસ્નાતકથીવધુ | 177 | 50.757 | 3.2723 | 4.66 | 0.279 | NS |
| | સ્નાતકથીઓછો | 90 | 49.456 | 4.1763 | | | |

**તારણો**

૧. સમગ્ર જૂથના વલણાંકોની સરાસરી ૪૯.૮૯ જોવા મળી છે જે વલણ માપદંડના મધ્ય–મૂલ્ય ૩૬ કરતાં વધુ છે એટલે કે સમગ્ર જૂથ માતૃભાષા પ્રત્યે ખૂબ જ હકારાત્મક વલણ ધરાવે છે.

૨. મોટાભાગના લોકો માતૃભાષાનો દૈનિક વ્યવહારમાં ઉપયોગ કરતા તથા માતૃભાષામાં ભણ્યા હોવાનું ગૌરવ સ્પષ્ટપણે અનુભવતા જોવા મળ્યા હતા.

૩. મોટાભાગના લોકો માતૃભાષામાં બોલવાનું પસંદ કરે છે તથા બાળકો માટે માતૃભાષામાં શિક્ષણ એ લાભકર્તા છે તેવું સ્પષ્ટપણે માને છે.

૪. વલણો પ્રત્યે સ્વતંત્ર ચલોની કક્ષાઓ અનુસારનો કોઈપણ સાર્થક ભેદ જોવા મળ્યો નથી જે સૂચવે છે કે તમામ કક્ષામાં આવતી વ્યક્તિઓ માતૃભાષા પ્રત્યે હકારાત્મક વલણ ધરાવે છે.

**શૈક્ષણિક ફલિતાર્થો**

૧. બાળકનું શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોય તેવું સ્પષ્ટપણે જોઈ શકાય છે તેથી શાળા કક્ષાએ માતૃભાષાના માધ્યમને પ્રાધ્યાન્ય આપવું જોઈએ.

૨. વાલીઓને તેમના પાલ્ય માટે માર્ગદર્શન આપતી વખતે માતૃભાષાના મહત્ત્વ, ગૌરવ તેમજ લાભથી જાગૃત કરવા જોઈએ.

**ઉપસંહાર**

માતૃભાષા પ્રત્યેના સૌનું સકારાત્મક વલણ જોવા મળેલ છે પરંતુ હજુ તેને આપણે વર્તનમાં પ્રતિબિંબિત થતા જોઈ શકતા નથી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ પણ માતૃભાષા/ ઘરે બોલાતી ભાષા/ પ્રાદેશિક ભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવા માટે ભલામણ કરે છે. આ ભલામણ જ માતૃભાષાની અગત્યને સૂચવે છે. આપણે સૌ સંશોધનના પરિણામને સમાજ પરિવર્તનના સંદર્ભમાં અનુભવી શકીએ તે માટે સતત પ્રયત્નશીલ રહીએ.

**સંદર્ભસૂચિ**

1. રાવલ, અજય (૨૦૧૮), ***ભાષાનું શિક્ષણ અને શિક્ષણની ભાષા***, સાહિત્યસેતુ, *Year-8, Issue-6, November-December 2018,* ISSN: 2249-2372 http://www.sahityasetu.co.in/issue48/ajay.php
2. શાહ, હર્ષદ (૨૦૧૪), ***'મા'ની બોલી સૌથી વહાલી***, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ.
3. રાવલ, નટુભાઈ અને અન્ય, ***ગુજરાતીનું અભિનવ અધ્યાપન***, નીરવ પ્રકાશન, અમદાવાદ.
4. સોની, ડિમ્પલબેન અને અન્ય(૨૦૧૬), ***ગુજરાતી***, અક્ષર પ્રકાશન, ગાંધીનગર.